ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૩૫૨૬-૫૦

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,

ગાંધીનગર. તા.૧૯/૧૧/૨૦૨૦

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ

ગુજરાત રાજ્ય.

વિષય:- કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને પ્રવેશથી વંચિત રહેલ ધોરણ-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ :- અત્રેની કચેરીનો પત્રક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૦/૨૮૪૧-૭૫, તા.૨૩/૦૯/૨૦૨૦

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે રાજ્યમાં કોવિડ-૧૯ ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે અમુક લોકો સ્થળાંતર કરી રહ્યા હતા. તેથી કેટલાક વિદ્યાર્થીઓ શાળામાં પ્રવેશ મેળવવાથી વંચિત રહી ગયેલ હતા. જે બાબત ધ્યાને લઈને અત્રેના સંદર્ભદર્શિત પત્રથી ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને શાળામાં તા.૩૦/૦૯/૨૦૨૦ સુધી શાળા કક્ષાએથી પ્રવેશ આપી શકાશે અને ત્યારબાદ તા૩૧/૧૦/૨૦૨૦ સુધી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરીથી પ્રવેશ આપી શકાશે તેમ જણાવેલ હતું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરીને વિવિધ જિલ્લાઓમાંથી મળેલ રજૂઆતને ધ્યાને લેતાં કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ-૨૦૨૦/૨૧ માં ધોરણ-૯ થી ૧૨ માં પ્રવેશથી વંચિત રહી ગયેલ વિદ્યાર્થીઓને તા.૩૦/૧૧/૨૦૨૦ સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની મંજૂરી મેળવી શાળામાં પ્રવેશ આપી શકાશે. આ અંગે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તેમજ અમલ સારું મોકલી આપશો.

(બી.એન.રાજગોર)
સંયુકત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા. 20/11/2020

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લો/શહેરની તમામ મા. અને ઉ.મા. શાળાઓ તરફ
ર/- જાણ તથા અમલ સારુ.....

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો સુરત.